#055

😎 હું શું કરી શકું?

વિચાર કરો…
જો બીજ જમીનમાં નાખતા પહેલા કોઈ એમ વિચારે જ નહીં, કે એમાંથી વૃક્ષ ઊગશે, તો શું ક્યારેય ફળ મળશે?
ના

મિત્રો, જીવનમાં પણ એવું જ છે.
વિચાર વિના કોઈ નિર્ણય નથી,
નિર્ણય વિના કોઈ પ્રયાસ નથી,
અને પ્રયાસ વિના કોઈ બદલાવ નથી.

ઘણા લોકો ફરિયાદ કરે છે –
“મારું જીવન આવું કેમ છે?”
પણ પોતાને એક પ્રશ્ન પૂછતા નથી – “મેં આજ સુધી શું અલગ વિચાર્યું?”

બદલાવ બહારથી નથી આવતો,
બદલાવ અંદરથી શરૂ થાય છે.
જ્યારે વિચાર બદલાય,
ત્યારે દૃષ્ટિ બદલાય,
અને જ્યારે દૃષ્ટિ બદલાય,
ત્યારે આખું જીવન બદલાય છે.

આજથી નક્કી કરીએ–
❌ “જેમ ચાલે તેમ” એવું નહીં
✅ “હું શું કરી શકું?” એવો વિચાર કરીએ

કારણ કે યાદ રાખીએ…
વિચારીશું નહીં તો બદલાવ નહીં આવે,

અને વિચારીએ તો અશક્ય પણ શક્ય બની શકે છે.

ચાલો આજે એક નવો વિચાર કરીએ–
શું ખબર એ જ આપણા જીવનનો ટર્નિંગ પોઈન્ટ હોઈ શકે!